# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## આનંદની ઉજાણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'આનંદની ઉજાણી' બીજો પ્રસંગ તા. ૨૫-૧-૨૦૨૦ના રોજ સાંજે ૪ થી ૮ દરમિયાન યોજાયો હતો. આ પ્રસંગ મીરાં અને મહેન્દ્ર મહેતા (પાલો અલ્ટો, કૅલિફૉર્નિયા, યુ.એસ.એ.)ની સ્મૃતિમાં ડૉ. કલા મહેતા પ્રાયોજિત પ્રસંગ શ્રેણી આનંદની ઉજાણીના ભાગ રૂપે યોજાયો હતો. આ પ્રસંગે આ માસના ખાસ મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને બીજા કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. તેમનું ગુલાબના ફૂલથી પરિષદે સ્વાગત કર્યું હતું.

પરિષદના મેઘાણીભવનના ધાબા પર પ્રાકૃતિક વાતાવરણમાં ભાષાભવનના વિદ્યાર્થીઓએ સર્જનાત્મક કૃતિઓનું પઠન કર્યું હતું. અને અન્ય ઉજાણીમાં ઉપસ્થિત સર્જકો, વિવેચકો અને ભાવકોએ કૃતિનિષ્ઠ ચર્ચા કરી હતી. આ પ્રસંગે પરિષદપ્રમુખશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, શ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી પરીક્ષિત જોશી, શ્રી બિપીન પટેલ, ડૉ. સતીશ વ્યાસ, ડૉ. આનંદ વસાવા, ડૉ. કાન્તિ માલસતર, અને ભાષાભવનના એમ.એ., એમ. ફિલ., અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાષાભવનના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. કાન્તિ માલસતરે સૌનો આભાર માન્યો હતો.

ત્યારબાદ સાંજે ૮-૦૦ કલાકે આ માસની કલાકૃતિઓ અજંતાનાં ચિત્રો હતી. વિખ્યાત શિલ્પ કલાકાર અને કલા-ઇતિહાસવિદ્ પ્રો. દીપક કન્નલે 'અજંતાની ચિત્રભાષા' મહારાષ્ટ્રના ઔરંગાબાદ શહેર પાસે આવેલી, બીજીથી પાંચમી સદી દરમિયાન ખડકોમાં કંડારાયેલી અને આળેખાયેલી ભારતની વિખ્યાત એવી અજંતાની ત્રીસેક ગુફાઓમાં એ ચિત્રની આલેખનરીતિની સૌંદર્યમીમાંસા, એ ચિત્રોની રજૂઆત સાથે પ્રસ્તુતિ કરી હતી.

## પુસ્તક-પ્રદર્શન

ગુજરાતી સાહિત્ય પરિષદસંચાલિત ચી. મં. ગ્રંથાલયમાં દર મહિનાની ૧૭મી તારીખથી એક સપ્તાહ સુધી યોજાતા પુસ્તકપ્રદર્શનમાં આ વખતે જાન્યુઆરી ૨૦૨૦માં શ્રી લાભશંકર ઠાકરના જન્મદિવસ નિમિત્તે તા. ૧૭થી ૩૧ જાન્યુઆરી દરમિયાન ગુજરાતી નાટકોનાં પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં શ્રી જનકભાઈ દવે, શ્રી યશવંત મહેતા, પરિષદપ્રમુખશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા, ગ્રંથાલયમંત્રીશ્રી પરીક્ષિતભાઈ, ફાધર વર્ગીસ, શ્રી દીપકભાઈ, શ્રી હરિકૃષ્ણ પાઠક, સતીશ વ્યાસ, શ્રી અમિતાભ મડિયા ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી કાન્તિ માલસતર, એમના વિદ્યાર્થીઓને લઈને આવ્યા હતા. વાચકો સાહિત્યરસિકો અને અન્ય વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક પ્રદર્શનનો લાભ લીધો હતો. હંમેશની જેમ પ્રિવ્યૂ આપી ન્યૂઝ પ્રકાશિત કરતા મીડિયાએ પણ આ પુસ્તક-પ્રદર્શનની નોંધ લીધી હતી. ❑